# શ્રીજી-સ્વામીનો રંગ લાગ્યો

રંગ લાગ્યો... રંગ લાગ્યો...
રંગ લાગ્યો શ્રીજીનો રંગ લાગ્યો,
રંગ લાગ્યો સ્વામીનો રંગ લાગ્યો,
સાહેબ તમારો રંગ લાગ્યો, ગુરુહરિ તમારો રંગ લાગ્યો,
રંગ લાગ્યો શ્રીજીનો રંગ લાગ્યો...
રંગ લાગ્યો સ્વામીનો રંગ લાગ્યો... ૦

તું તો પ્રગટ ને પ્રત્યક્ષ શ્રીજી સ્વરૂપ,
તું તો પ્રગટ ને પ્રત્યક્ષ યોગી સ્વરૂપ,
તારો મહિમા ગાવાનો... તારી આજ્ઞા પાળવાનો,
મને લાગ્યો લાગ્યો લાગ્યો રંગ લાગ્યો,
રંગ લાગ્યો... રંગ લાગ્યો... રંગ લાગ્યો શ્રીજીનો રંગ લાગ્યો...
રંગ લાગ્યો સ્વામીનો રંગ લાગ્યો... ૦

તારું હાસ્ય છલકાય મારું અંતર ભીંજાય,
તારું મુખડું મલકાય ઉરે આનંદ ઉભરાય,
તારાં દર્શન કરવાનો.. તારા થઈને જીવવાનો,
મને લાગ્યો લાગ્યો લાગ્યો રંગ લાગ્યો,
રંગ લાગ્યો... રંગ લાગ્યો... રંગ લાગ્યો શ્રીજીનો રંગ લાગ્યો...
રંગ લાગ્યો સ્વામીનો રંગ લાગ્યો... ૦

પરાવાણી તમારી જીવનદોરી મારી,
ગુરુની પ્રસન્નતા એ સાચી કમાણી,
ધૂન-ભજન કરવાનો.. સભા સત્સંગ કરવાનો,
મને લાગ્યો લાગ્યો લાગ્યો રંગ લાગ્યો,
રંગ લાગ્યો... રંગ લાગ્યો... રંગ લાગ્યો શ્રીજીનો રંગ લાગ્યો...
રંગ લાગ્યો સ્વામીનો રંગ લાગ્યો... ૦

**તારાં નયનોમાં વરસે છે કરુણા ને મમતા,**

**અમી દૃષ્ટિ રાખી સદા દોષ હરતા,**

**તારી ભક્તિ કરવાનો.. અંતરદૃષ્ટિ કરવાનો,**

**મને લાગ્યો લાગ્યો લાગ્યો રંગ લાગ્યો,**

**રંગ લાગ્યો... રંગ લાગ્યો... રંગ લાગ્યો શ્રીજીનો રંગ લાગ્યો...**

**રંગ લાગ્યો સાહેબનો રંગ લાગ્યો...(2) ૦**

રચયિતા : ડૉ. સ્મિતાબેન (USA)